નામદાર ગુજરાત હાઈકોર્ટે નોટીફીકેશન નં.C.2001/93,તા.૨૦-૫-૨૦૨૨ માં ઠરાવેલ પ્રોફોર્મા મુજબઃ-

**આંક-૭૪**

**ફોર્મ-'એ'**

| | |
|---|---|
| **દાહોદ જીલ્લાની એડીશ્નલ સેશન્સ એન્ડ સ્પે.(પોકસો) કોર્ટ મુ.લીમખેડા, જી.દાહોદ**<br>**એચ. એચ. ઠક્કર, એડીશ્નલ સેશન્સ એન્ડ સ્પે.(પોકસો)જજ.**<br>**[ચુકાદાની તારીખઃ ૨૭/૦૪/૨૦૨૬]**<br>**[સ્પે.(પોકસો) કેસ નં.૨૩/૨૦૨૫]**<br>**(એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન)**<br>લીમખેડા પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુના રજીસ્ટર નં.૧૧૮૨૧૦૩૫૨૫૦૩૮૯/૨૦૨૫.<br>ગુનોઃ-**ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨),૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોક્સો એકટ-૪, ૬, ૧૭ મુજબ.**<br>પોલીસ સ્ટેશનઃ- લીમખેડા પોલીસ સ્ટેશન, જી.દાહોદ. | |
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઑફ ગુજરાત)<br>(મૂળ ફરિયાદીઃ ભોગ બનનારના પિતા) |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્ધાન મદદનીશ સરકારી વકીલ શ્રી એસ.બી.ચૌહાણ |
| આરોપીઓ | (૧) પ્રકાશભાઈ ગોવિંદભાઈ પરમાર<br>ઉ.વ.૨૪, ધંધો-મજુરી,<br>રહે.કડાછલા, જુનુ ફળીયું,<br>તા.ડેસર, જી.વડોદરા.<br>(૨) યુવરાજભાઈ અશ્વિનભાઈ પરમાર<br>ઉ.વ.૨૨, ધંધો-ખેતી/મજુરી,<br>રહે.કડાછલા, નવીનગરી ફળીયું,<br>તા.ડેસર, જી.વડોદરા. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | આરોપી નં.૧ તર્ફે વિ.વ.શ્રી ડી.ડી.ભરવાડ<br>આરોપી નં.૨ તર્ફે વિ.વ.શ્રી વી.એ. ભરવાડ |

# ફોર્મ–'બી'

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તા.૧૪–૦૩–૨૦૨૫ |
| ફરિયાદની તારીખ | તા.૨૬–૦૩–૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | તા.૦૧–૦૭–૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | તા.૦૪–૧૧–૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | તા.૧૬–૧૨–૨૦૨૫ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | તા.૨૭–૦૪–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૨૭–૦૪–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઈ હોય તો. | –– |

## <u>આરોપીની વિગતઃ</u>–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | ક્યા ગુનાનો આક્ષેપ છે | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર | શું સજા કરી | સીઆર.પી.સી.નીકલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રકાશભાઈ ગોવિંદભાઈ પરમાર | તા.૨૯/૫/૨૦૨૫ | તા.૦૯/૭/૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોક્સો એક્ટ–૪, ૬, ૧૭ મુજબ. | નિર્દોષ | –– | ૧ માસ અને ૧૦ દિવસ |
| ૨. | યુવરાજભાઈ અશ્વિનભાઈ પરમાર | તા.૧૨/૬/૨૦૨૫ | તા.૧૧/૮/૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોક્સો એક્ટ–૪, ૬, ૧૭ મુજબ. | નિર્દોષ | –– | ૧ માસ અને ૩૦ દિવસ |

# ફોર્મ–'સી'

## ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટનાં સાહેદોનું લીસ્ટ.

### એ. ફરિયાદ પક્ષ તર્ફેઃ–

| સાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| ૧ | ભોગ બનનારના પિતા.(આંક–૧૦) | ફરિયાદી |
| ૨ | વિજયકુમાર ફકરુભાઈ તડવી.(આંક–૧૩) | પંચ સાહેદ (ભોગ બનનારે બતાવેલ દુષ્કર્મવાળી જગ્યાના પંચનામાના) |
| ૩ | દિલીપભાઈ રતનભાઈ બારીઆ.(આંક–૧૬) | પંચ સાહેદ (આરોપીની શરીર સ્થિતિ તથા કપડા કબજે કર્યાના પંચનામાના) |
| ૪ | ભોગ બનનાર.(આંક–૨૨) | ભોગ બનનાર |
| ૫ | હિંમતભાઈ ચતુરભાઈ મેડા.(આંક–૨૫) | પંચ સાહેદ (ભોગ બનનારની શરીર સ્થિતિ તથા કપડા કબજે કર્યાના પંચનામાના) |
| ૬ | ડૉ. સ્નેહલબેન વીરાભાઈ પટેલ.(આંક–૩૪) | મેડીકલ ઓફીસર (લીમખેડા સી.એચ.સી.) |
| ૭ | ડૉ. નિરાલી ફતેસીંહ માલીવાડ.(આંક–૪૦) | ગાયનેકોલોજીસ્ટ (ઝાયડસ હોસ્પિટલ) |
| ૮ | તૃપ્તીબેન કનુભાઈ પ્રજાપતિ.(આંક–૫૦) | તલાટી કમ મંત્રી |
| ૯ | જયદિપસિંહ ગીરવરસિંહ પુવાર.(આંક–૫૩) | આચાર્ય (જુનાગામ પ્રા. શાળા) |
| ૧૦ | ભારતીબેન સવસીંગભાઈ બારીયા.(આંક–૫૫) | પી.એસ.ઓ. (લીમખેડા પો. સ્ટે.) |
| ૧૧ | કિરીટસિંહ ચન્દ્રસિંહ વાઘેલા.(આંક–૫૯) | ત.ક. અમલદાર (લીમખેડા પો. સ્ટે.) |

### બી. બચાવ પક્ષના સાહેદો, જો કોઈ હોય તોઃ–

| સાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો |
|---|---|---|
| –– | –– | –– |

## સી. કોર્ટનાં સાહેદો, જો કોઈ હોય તોઃ–

| સાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો |
|---|---|---|
| –– | –– | –– |

## ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટના આંકે પડેલ દસ્તાવેજોનું લીસ્ટ.

## એ. ફરિયાદ પક્ષ તર્ફેઃ–

| આંકનો નંબર | વર્ણન | પ્રુવ્ડ બાય/ એટેસ્ટેડ બાય |
|---|---|---|
| ૧૧ | ફરિયાદ | સાહેદ નં.૧ |
| ૧૪ | ભોગ બનનારે બતાવેલ દુષ્કર્મવાળી જગ્યાનું પંચનામું. | સાહેદ નં.ર |
| ૧૭ | આરોપી પ્રકાશભાઈની શરીર સ્થિતિ તથા કપડા કબજે કર્યાનું પંચનામું. | સાહેદ નં.૩ |
| ૧૮ થી ૨૦ | પંચ સ્લીપો. | સાહેદ નં.૩ |
| ૨૩ | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન. | સાહેદ નં.૪ |
| ૨૬ | ભોગ બનનારની શરીર સ્થિતિ તથા કપડા કબજે કર્યાનું પંચનામું. | સાહેદ નં.૫ |
| ૨૭ થી ૨૯ | પંચ સ્લીપો. | સાહેદ નં.૫ |
| ૩૦ | આરોપી પ્રકાશભાઈની શરીર સ્થિતિ તથા કપડા કબજે કર્યાનું પંચનામું. | સાહેદ નં.૫ |
| ૩૧ | આરોપી યુવરાજભાઈ અશ્નીનભાઈની શરીર સ્થિતિ તથા કપડા કબજે કર્યાનું પંચનામું. | સાહેદ નં.૫ |
| ૩૫ | ભોગ બનનારની મેડીકલ તપાસણી યાદી. | સાહેદ નં.૬ |
| ૩૬ | ભોગ બનનારના સેમ્પલ સોંપ્યાનું ફોર્મ–૨ (બી). | સાહેદ નં.૬ |
| ૩૭ | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફિકેટ. | સાહેદ નં.૬ |
| ૩૮ | આરોપી પ્રકાશભાઈની મેડીકલ તપાસણી યાદી. | સાહેદ નં.૬ |

| | | |
|---|---|---|
| ૩૯ | આરોપી પ્રકાશભાઈનું મેડીકલ સર્ટીફિકેટ. | સાહેદ નં.૬ |
| ૪૧ | ભોગ બનનારના મેડીકલ કેસ પેપર્સ. | સાહેદ નં.૭ |
| ૪૨ | ભોગ બનનારનું પ્રોવીઝનલ મેડીકલ ઓપીનીયન. | સાહેદ નં.૭ |
| ૪૩ | ભોગ બનનારનો કલીનીકલ પેથોલોજી રીપોર્ટ. | સાહેદ નં.૭ |
| ૪૪ | ભોગ બનનારનો શીટો પેથોલોજી રીપોર્ટ. | સાહેદ નં.૭ |
| ૪૫ | ભોગ બનનારનો અલ્ટ્રા સોનોગ્રાફી રીપોર્ટ. | સાહેદ નં.૭ |
| ૪૬ | ભોગ બનનારનો બોન એઈજ એસ્ટીમેટ રીપોર્ટ. | સાહેદ નં.૭ |
| ૫૧ | ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર. | સાહેદ નં.૮ |
| ૫૨ | જન્મ–મરણ રજીસ્ટરના જરુર પુરતા પાનાની નકલ. | સાહેદ નં.૮ |
| ૫૪ | શાળાના જનરલ રજીસ્ટરનો ઉતારો. | સાહેદ નં.૯ |
| ૫૬ | તપાસ સોંપ્યાનો પત્ર. | સાહેદ નં.૧૦ |
| ૫૭ | સ્ટેશન ડાયરીના જરુર પુરતા પાનાની નકલ. | સાહેદ નં.૧૦ |
| ૬૦ | મુદ્દામાલ રવાનગી પત્રક. | સાહેદ નં.૧૧ |
| ૬૧ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળ્યા બદલની પહોંચ. | સાહેદ નં.૧૧ |
| ૬૨ | એફ.એસ.એલ. રીપોર્ટ.(વડોદરા) | સાહેદ નં.૧૧ |
| ૬૩ | ડીવીડી(કરવામાં આવેલ પંચનામા, નિવેદનની વિડીયોગ્રાફી) | સાહેદ નં.૧૧ |
| ૬૪ | ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૬૩(સી) મુજબનું પ્રમાણપત્ર. | સાહેદ નં.૧૧ |
| ૬૫ | આર.સી.બુકની ઝેરોક્ષ નકલ. | સાહેદ નં.૧૧ |
| ૬૬ થી ૬૮ | સરકારી પંચો ફાળવવા માટેના પત્રો. | સાહેદ નં.૧૧ |
| ૬૯ | એફ.આઈ.આર. ટ્રાન્સફર કરવાનો પત્ર. | સાહેદ નં.૧૧ |
| ૭૦ | કલમ ઉમેરાનો રીપોર્ટ. | સાહેદ નં.૧૧ |

| | | |
|---|---|---|
| ૭૧ | ગુનો ડેપ્યુટ કરવાનો પત્ર. | સાહેદ નં.૧૧ |

## બી. બચાવ પક્ષ તર્ફેઃ–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

## સી. કોર્ટના આંકોઃ–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

## ડી. મુદ્દામાલઃ–

| અનુક્રમ નંબર | મુદ્દામાલ નંબર | વર્ણન | પ્રુવ્ડ બાય/ એટેસ્ટેડ બાય |
|---|---|---|---|
| **મુદ્દામાલ પાવતી નં.૮૪/૨૦૨૫** | | | |
| ૧ | પુરુષ જાંગીયો–૧ | **પુરુષ જાંગીયો –૧**<br>એક જાંબલી કલરનો પુરુષ જાંગીયો જે જુનો મેલા જેવો વપરાયેલ જેના ગુપ્ત ભાગે આછા ભુખરા છુટાછવાયા ડાઘ પડેલ જણાય છે. જે જોતા LUX VENUS માર્કો છે. તે સિવાય બીજા કોઈ નોંધપાત્ર નિશાન જણાતા નથી. જે એક કાગળમાં સીલબંધ છે. | સાહેદ નં.૩ |
| ૨ | પેન્ટ–૧ | **પેન્ટ–૧**<br>એક સફેદ કલરનું પેન્ટ જે જુનું મેલા જેવું જે પેન્ટ જમણી બાજુના ઘુંટણના ભાગેથી ફાટી ગયેલ છે. તે સિવાય બીજા કોઈ નોંધપાત્ર નિશાન જણાતા નથી. જે એક કાગળમાં સીલબંધ છે. | સાહેદ નં.૩ |

| | | | |
|---|---|---|---|
| ૩ | શર્ટ–૧ | **શર્ટ–૧**<br>એક કાળા કલરનો આખી બાયનો શર્ટ જુના મેલા જેવો વપરાયેલ છે. જેના ઉપર કોઈ નોંધપાત્ર નિશાન જણાતા નથી. જે એક કાગળમાં સીલબંધ છે. | સાહેદ નં.૩ |
| ૪ | મોટર સાયકલ–૧ | **મોટરસાયકલ–૧**<br>એક મોટરસાયકલ જેનો આર.ટી.ઓ. નં.જી.જે.૦૬.એચ.જી.૪૨૧૨ નો છે. | સાહેદ નં.૩ |
| **મુદ્દામાલ પાવતી નં.૮૫/૨૦૨૫** | | | |
| ૧ | લેડીઝ નીકર–૧ | **લેડીઝ નીકર –૧**<br>એક રાખોડી કાળા કલરની પટ્ટીવાળી લેડીઝ નીકર જે જુની વપરાયેલ જેના ગુપ્ત ભાગે જુના ભુખરા ડાધ સુકાઈ ગયેલ જણાણ છે. તે સિવાય બીજા કોઈ નોંધપાત્ર નિશાન જણાતા નથી. જે એક કાગળમાં સીલબંધ છે. | સાહેદ નં.૫ |
| ૨ | બ્લાઉઝ–૧ | **બ્લાઉઝ–૧**<br>એક લાલ કલરનો ભાતવાળો બ્લાઉઝ જે જુનો મેલા જેવો વપરાયેલ જેના ઉપર બીજા કોઈ નોંધપાત્ર નિશાન જણાતા નથી. જે એક કાગળમાં સીલબંધ છે. | સાહેદ નં.૫ |
| ૩ | ચણીયો–૧ | **ચણીયો–૧**<br>એક કેસરી કલરનો ચણીયો જેમાં સફેદ કલરનું નાડું બેસાડેલ જણાય છે જે જુનો મેલો જેવો વપરાયેલ છે. જેના ઉપર બીજા કોઈ નોંધપાત્ર નિશાન જણાતા નથી. જે એક કાગળમાં સીલબંધ છે. | સાહેદ નં.૫ |

## – જ જ મે ન્ટ –

(૧) આ ગુનો ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨–એન)(૩) તથા જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષા અધિનિયમ(હવે પછી જેને ચુકાદામાં પોક્સો એક્ટ તરીકે ઓળખીશું)ની કલમ–૪, ૬ અન્વયેનો એટલે કે સ્ત્રી અત્યાચાર વિરુદ્ધનો છે જેથી નામદાર સર્વોચ્ચ અદાલતના 2023(0)

AIJEL-SC-72600, SUPREME COURT OF INDIA, State of Rajasthan Versus Gautam S/o Mohanlal ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાત મુજબ ભોગ બનનાર કે તેના પરીવારના સભ્યોની ઓળખ છતી ના થાય તે હેતુથી આ ચુકાદામાં તેનો ભોગ બનનાર તરીકે ઉલ્લેખ કરવામાં આવેલો છે અને પક્ષકારોના ધર્મ, જાતિનો પણ કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નથી.

(૨) આ કામમાં તપાસવામાં આવેલ સાહેદોને ચાર્જશીટમાં જે અનુક્રમ નંબરથી દર્શાવવામાં આવેલ છે તે પ્રમાણે નહી પરંતુ અદાલતમાં જે ક્રમ મુજબ તપાસવામાં આવેલ છે તે અનુક્રમ નંબરથી દર્શાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી ભોગ બનનારના પિતાએ તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ લીમખેડા પોલીસ મથકે પોતાની ફરિયાદ હકીકત જાહેર કરેલી કે, મારે વસ્તારમાં એક છોકરો અને ત્રણ છોકરી છે. જેમાં સૌથી મોટી છોકરી ભોગ બનનાર છે જેની ઉંમર હાલમાં ૧૫ વર્ષ ૯ માસની છે અને તલાટીના રેકર્ડ પર તેની જન્મ તા.૧૨/૦૬/૨૦૦૯ નોંધાયેલ છે તથા સ્કુલ એલ.સી.માં તેની જન્મ તારીખ તા.૦૩/૦૩/૨૦૧૦ નોંધાયેલ છે. મારી છોકરી ધોરણ-૬ સુધી ગામની શાળામાં ભણેલ છે અને હું તથા મારી છોકરી ભોગ બનનાર એ રીતેના મજુરીકામે વડોદરાના ડેસર તાલુકાના કડાછલા ગામે પંચાયતમાં રોડનું કામ કરવા ગયેલા હતા અને ત્યાં અમો આશરે બે માસ જેવું કામ કરેલ અને હોળીના તહેવારના બે-ત્રણ દિવસ અગાઉ મજુરીકામેથી ઘરે આવેલ હતા અને મજુરીકામ કરતા હતા ત્યાં કડાછલા ગામનો પ્રકાશભાઈ ગોવિંદભાઈ પરમારનો આવતો જતો હોય તેને ઓળખીએ છીએ અને ગઈ તા.૧૪/૦૩/૨૦૨૫ ના રોજ હું તથા મારી પત્ની તથા ઘરના સભ્યો ઘરે હાજર હતા તેવામાં આશરે ત્રણેક વાગ્યે મારી છોકરી ભોગ બનનાર ઘરેથી એકલી ચીલાકોગા ગામમાં ચુલનો મેળો જોવા ગયેલ જે સાંજે છ વાગ્યા સુધી ઘરે નહી આવતા તેઓએ મેળામાં તથા આજુબાજુમાં તથા સગા સંબંધીમાં તેની શોધખોળ તપાસ કરતા પત્તો મળેલ નહી અને તેઓને પ્રકાશભાઈ ગોવિંદભાઈ પરમારના

ઉપર શક હોય કડાછલા ગામના સરપંચને ફોન કરી વાત કરતા સરપંચે તેઓને વાત કરેલ કે ભોગ બનનારને તેમના ગામનો પ્રકાશભાઈ ગોવિંદભાઈ પરમારનાનો પત્ની તરીકે ભગાડી લાવેલ છે અને તેના ઘરે તપાસ કરતા તે ઘરે નથી અને ઘરના સભ્યોને વાત કરેલ છે અનો શોધખોળ કરે છે અને મળી આવશે તો તેમને સોંપી દઈશું તેમ કહેલ અને તે પછી અવારનવાર છોકરીની માંગણી કરવા છતાં આજદિન સુધી સોંપેલ ન હોય કુંટુંબના માણસો સાથે ફરિયાદ કરવા આવેલ છે તો હાલની કાયદેસરની તપાસ થવા હાલની ફરિયાદ આપેલ છે.

(૪) ઉપર મુજબની ફરિયાદ હકીકત જાહેર થતા લીમખેડા પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુના રજીસ્ટર નં.૧૧૮૨૧૦૩૫૨૫૦૩૮૯/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭ મુજબનો ગુનો દાખલ કરી પી.એસ.ઓ.નો રીપોર્ટ જાહેર કરી આગળની તપાસ ત.ક.અમલદારને સોંપવામાં આવેલી.

(૫) ત્યારબાદ ત.ક.અમલદારે ગુનાની હકીકતથી વાકેફ થઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું નિયમ મુજબ કરી તમામ કાર્યવાહી કરી ભોગ બનનાર તથા આરોપી પ્રકાશભાઈ ગોવિંદભાઈ પરમાર મળી આવતા આરોપીને તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ અટક કરી મુદત અંદર કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ. ભોગ બનનાર સાથે આરોપીએ અવારનવાર દુષ્કર્મ કરેલાની હકીકત તપાસમાં મળી આવતા તેમજ અન્ય આરોપી યુવરાજભાઈ અશ્વિનભાઈ પરમારનાએ ગુનામાં મદદગારી કરેલ હોવાની હકીકત મળી આવતા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪(૨)(એમ), ૫૪ તથા પોક્સો એકટ–૪, ૬, ૧૭ મુજબના ગુનાનો ઉમેરો કરવાનો રીપોર્ટ કોર્ટમાં કરવામાં આવેલ. ત્યારબાદ લાગતાવળગતા સાહેદોના નિવેદનો લીધેલા, કબજે કરવામાં આવેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ અર્થે રવાનગી નોંધ સાથે મોકલી આપવામાં આવેલ. આ કામે જરૂરી પંચનામા કરી લાગતાવળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧), ૬૪(૨)

(એમ), ૫૪ તથા પોક્સો એકટ–૪, ૬, ૧૭ મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં તા.૦૧/૦૭/૨૦૨૫ ના રોજ મોકલી આપવામાં આવેલ.

(૬) ઉપર મુજબનું ચાર્જશીટ રજુ થતા તે અત્રેની કોર્ટમાં સ્પે. (પોકસો) કેસ નં.૨૩/૨૦૨૫ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ. આ કામના આરોપીઓને અત્રેની અદાલતમાં રજુ થતા આરોપીઓ તર્ફે વિ.વકીલશ્રી ડી.ડી.ભરવાડ હાજર થયેલા. સરકાર પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ હાજર થયેલા.

(૭ ) ફરિયાદ પક્ષે આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે આંક–૪ ની લીસ્ટથી કુલ–૩૧ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૮) વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ તથા આરોપીઓ તર્ફેના વિ.વકીલશ્રી ડી.ડી.ભરવાડની ચાર્જ બાબતેની દલીલો સાંભળવામાં આવેલી અને આરોપીઓ વિરુદ્ધ પ્રથમદર્શનીય રીતે ચાર્જ ઘડી શકાય તેવો પુરાવો જણાઈ આવતા આરોપીઓ વિરુદ્ધ આંક–૬ થી ગુનાનું તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાની હકીકતનો ઈન્કાર કરી તે લગત આરોપીઓના આંક–૭, ૮ થી નિવેદન નોંધી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૯) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાનો કેસ સાબીત કરવા માટે ઉપર ફોર્મ " સી "માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૧૦) ફરિયાદ પક્ષે પુરાવો પૂર્ણ થતા વિ.એ.પી.પી.શ્રીએ આંક–૭૨ થી પુરાવા બંધની પુરસીસ આપેલી છે.

(૧૧) ફરિયાદ પક્ષનો પુરાવા પુરો થયા બાદ સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબ આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં

આરોપીઓએ પોતાની સામેના આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરી પોતે નિર્દોષ હોય તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

## (૧૨) દલીલો –

ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા તથા બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

(૧૨.૧) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણનાએ ભારપૂર્વક જણાવેલ છે કે, બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષ ૯ માસની હતી. આરોપી નં.૧ નાઓ ભોગ બનનારનું અપહરણ કરી લઈ ગયેલ છે જેમાં આરોપી નં.૨ નાએ મદદગારી કરેલ છે. આરોપીઓ સામે આંક–૬ થી આક્ષેપીત ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવ્યું છે. ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧ તરીકે ફરિયાદીની જુબાની લેવામાં આવી છે જેમાં તેઓએ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કર્યું છે. ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદોએ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કર્યું છે. ફરિયાદ પક્ષના સાહેદ નં.૪ ભોગ બનનારની જુબાની જોવામાં આવે તો તેણીએ જુબાની આપી ત્યારે તેણીની ઉંમર ૧૬ વર્ષની હતી તેમજ બનાવ સમયે તેણીની ઉંમર ૧૫ વર્ષ ૯ માસની હતી અને તેણીની જન્મ તારીખ તા.૦૧/૦૧/૨૦૦૯ ની જણાવી છે. બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી તેથી તેણીની સંમતિનું કોઈ કાયદાકીય મુલ્ય રહેતું નથી. ભોગ બનનારનું વિ.જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી રુબરુનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૧૮૩ મુજબનું નિવેદન રજુ કર્યું છે જેમાં પણ આરોપી સાથે ચાલી ગયેલ હોવાનું જુદી–જુદી જગ્યાએ શરીર સંબંધ બાંધેલાનું લખાવ્યું છે. ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે સાહેદ નં.૮ તરીકે તલાટી કમ મંત્રીની જુબાની લેવામાં આવી છે. તેઓના જણાવ્યા મુજબ ભોગ બનનારની જન્મ તારીખ તા.૧૨/૦૬/૨૦૦૯ ની છે તેમજ ભોગ બનનારે જે શાળામાં

અભ્યાસ કરેલ છે તે શાળાના આચાર્યની જુબાની લેવામાં આવી છે. તેઓના જણાવ્યા મુજબ ભોગ બનનારની જન્મ તારીખ તા.૦૩/૦૩/૨૦૧૦ ની છે. આમ, બન્ને સાહેદોએ તેમની જુબાનીમાં ભોગ બનનારની જુદી–જુદી જન્મ તારીખો જણાવી છે પરંતુ બન્ને જન્મ તારીખોને બનાવ તારીખની સાપેક્ષમાં જોવામાં આવે તો બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી. ફરિયાદ પક્ષ તરફથી ત.ક.અમલદારશ્રી તથા પી.એસ.ઓ.ની જુબાની લેવામાં આવી છે. જેઓની જુબાનીથી પણ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન મળે છે. આમ, ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનું જણાવી આરોપીઓને કસૂરવાર ઠરાવવા વિનંતી કરેલ છે.

(૧૨.૨) આરોપીઓના વિ.વકીલશ્રી ડી.ડી.ભરવાડનાએ તેમની દલીલોમાં ભારપૂર્વક જણાવેલ છે કે ફરિયાદીએ તેઓની જુબાનીની ઉલટતપાસમાં સ્વીકાર કર્યા મુજબ ભોગ બનનાર કોની સાથે ગયેલ તેની માહીતી નથી. વધુમાં ફરિયાદીએ ઉલટતપાસમાં સ્વીકાર કર્યા મુજબ ભોગ બનનારનો જન્મ લીમખેડા દવાખાનામાં થયેલો જ્યારે રજુ કરવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર ચીલાકોટા ગામનું છે. જે ગામમાં ભોગ બનનારનો જન્મ થયો હોય તે જ ગામમાં જન્મની નોંધ કરાવવાની હોય છે જેથી રજુ કરવામાં આવેલ જન્મનો દાખલો યોગ્ય નથી. ફરિયાદીએ ઉલટતપાસમાં સ્વીકાર કર્યા મુજબ ભોગ બનનારનો જન્મ થયો ત્યારે તેઓની હાજરી નથી. તેઓના લગ્ન ૨૭–૨૮ વર્ષ પહેલા થયેલા અને લગ્નના બે–ત્રણ વર્ષ બાદ ભોગ બનનારનો જન્મ થયેલો છે તે જોતા ભોગ બનનારની ઉંમર ૨૩ વર્ષ ઉપરની હોવાનું મળી આવે છે. ભોગ બનનારના જન્મની નોંધ ગામના આગેવાનોએ કરાવેલી તેમજ વધુમાં તેઓએ સ્વીકાર કર્યા મુજબ ભોગ બનનારને શાળામાં દાખલ કરવા માટે તેમના કુટુંબી ભાઈ ગયેલા છે તે જોતા પણ ભોગ બનનારની જન્મ તારીખ કોણે નોંધાવેલી તે પુરવાર થતું નથી. ભોગ બનનારે તેણીની જુબાનીની ઉલટતપાસમાં સ્વીકાર કર્યા મુજબ તેણીએ આરોપી નં.૧ ને ફોન કરીને બોલાવેલ. ઘણા સમયથી

વાતચીત ચાલતી હતી અને ભાગી જવાનો નિર્ણય કરેલો. આમ, બન્નેની સંમતિથી ચાલ્યા ગયેલ છે. ભોગ બનનારને દવાખાને લઈ ગયા ત્યારે તેણીના માતૃશ્રી હાજર હતા. મેડીકલ ઓફિસરશ્રી રુબરુ હિસ્ટ્રી તેણીના માતાપિતાએ લખાવેલી છે. ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર તેમજ શાળાના રેકર્ડમાં જુદી-જુદી જન્મ તારીખો મળી આવે છે જેથી વિશ્વસનીય નથી. મેડીકલ ઓફિસરશ્રીએ જુબાનીમાં આપેલ અભિપ્રાય મુજબ ભોગ બનનારની ઉંમર ૧૭ થી ૧૯ વર્ષની હતી. આમ, આ મુજબના પુરાવાઓ જોતા બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હોવાનું પુરવાર થતું નથી. ભોગ બનનાર તથા આરોપી નં.૧ વચ્ચે પ્રેમ સંબંધ હોવાની હકીકત સ્વીકૃત છે જેથી ફરિયાદ પક્ષ દ્રારા આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોવાનું જણાવી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૧૩) આ કેસના ન્યાયીક નિરાકરણ અર્થે મારા મતે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ :- શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે આ કામના ભોગ બનનાર સગીર વયની (બાળક) હતી?

મુદ્દા નં.૨ :- શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૪/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૫-૦૦ વાગ્યાના સુમારે મોજે ચીલાકોટા ગામેથી આ કામના ફરિયાદીની સગીર વયની છોકરી ભોગ બનનાર, ઉ.વ.૧૫ વર્ષ ૯ માસનાનીને આ કામના આરોપી નં.૧ નાએ પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી પોતાની પત્ની તરીકે રાખવા સારુ આરોપી નં.૨ ની મદદગારીથી અપહરણ કરી લઈ જઈ તેણીની સાથે અવારનવાર દુષ્કર્મ કરી શારીરીક શોષણ કરી જાતિય

હુમલો, પ્રવેશ જાતિય હુમલો તેમજ ગંભીર પ્રવેશ જાતિય હુમલો કરી આ કામના આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧), ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટ–૪, ૬, ૧૭ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે ?

મુદ્દા નં.૩ :– શું હુકમ ?

(૧૪) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– નકારમાં.

મુદ્દા નં.૨ :– નકારમાં.

મુદ્દા નં.૩ :– આખરી હુકમ મુજબ.

## – પુરાવાનું મુલ્યાંકન, ચર્ચા અને કારણો –

### (૧૫) મુદ્દા નં.૧ ની ચર્ચા –

(૧૫.૧) આરોપીઓ સામે ધી પોક્સો એક્ટની કલમ–૪, ૬, ૧૭ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવ્યું છે ત્યારે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની (બાળક) હતી તે હકીકત મહત્વની બને છે તે સંજોગોમાં સૌપ્રથમ ફરિયાદ પક્ષે આ હકીકત પુરવાર કરવાની જરુરીયાત છે.

(૧૫.૨) ભોગ બનનારની ઉંમર નક્કી કરવા અંગેના કાયદાકીય પ્રબંધો જોવામાં આવે તો તે આ મુજબ છે. ધી પોક્સો એક્ટની કલમ–૨(ડી) માં બાળકની વ્યાખ્યા આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

> **કલમ–૨(ડી) –** બાળક એટલે, અઢાર વર્ષની ઉંમર પુરી ન કરી હોય તેવી કોઈ વ્યકિત.

(૧૫.૩) ધી પોક્સો એક્ટની કલમ–૩૪ ની જોગવાઈ પણ આ કામે અહીં ટાંકવી મહત્વની બની જાય છે જે નીચે મુજબ છે.

**કલમ–૩૪(૨) –** ખાસ અદાલત સમક્ષ કોઈ કાર્યવાહીમાં આ સંબંધમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય કે કોઈ વ્યકિત બાળક કે કેમ? ત્યારે ખાસ અદાલત આવા વ્યકિતની ઉંમર વિશે પોતે નક્કી કર્યા પછી આવા પ્રશ્નનું અનુમાન કરવામાં આવશે, અને તે આવા અનુમાન માટેના કારણોની લેખીતમાં નોંધ કરશે.

(૧૫.૪) નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો **૨૦૧૫(૭) એસ.સી.સી., પેજ નં.૭૭૩ (સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિરુદ્ધ અનુપસીંઘ)**નો વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું અવલોકન કરેલ છે કે બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નિર્ણીત કરતી વખતે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ધ્યાને લેવાની રહે છે.

જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ–૨૦૧૫ અમલમાં આવેલો છે અને તે સંજોગોમાં તેની કલમ–૯૪ ને પણ વંચાણે લેવાની રહે છે.

(૧૫.૫) જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ–૯૪ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**કલમ–૯૪. ઉંમરનું અનુમાન અને નક્કી કરવું.**

(૧) જ્યાં સમિતિ અથવા બોર્ડ સમક્ષ આ અધિનિયમની કોઈપણ જોગવાઈ(સિવાય કે પુરાવો આપવાના હેતુ માટે) હેઠળ રજુ કરવામાં આવેલ વ્યકિતના દેખાવના આધારે, તેઓને ચોક્કસ લાગે કે સદર વ્યકિત એક બાળક છે, તો સમિતિ અથવા બોર્ડે બાળકની ઉંમર જેટલી નજીકની જણાય તેટલી દર્શાવીને તેવા અવલોકનો નોંધવાના રહેશે અને ઉંમરની વધુ ખાત્રી કર્યા સિવાય કલમ–૧૪ અથવા કલમ–૩૬ જે લાગુ પડતું હોય તે હેઠળ તપાસ હાથ ધરવાની રહેશે.

(૨) સમિતિ અથવા બોર્ડ પાસે, તેઓ સમક્ષ રજુ કરવામાં આવેલ વ્યકિત, બાળક છે કે નથી તે અંગે શંકા માટે વાજબી કારણો હોય તેવા કિસ્સામાં, સમિતિ અથવા બોર્ડ, જે લાગુ પડતું

હોય તેઓએ નીચે મુજબના પુરાવાઓ મેળવી ઉંમર નક્કી કરવાની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૧) શાળામાંથી જન્મના પ્રમાણપત્રની તારીખ અથવા સંબંધીત પરીક્ષા બોર્ડ પાસેથી મેટ્રિક્યુલેશન અથવા તે સમાન પ્રમાણપત્ર, જો ઉપલબ્ધ હોય તો અને તેની ગેરહાજરીમાં,

(૨) કોર્પોરેશન અથવા મ્યુનિસિપલ સત્તાધિકારી અથવા પંચાયત ધ્વાર આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર.

(૩) ઉપરોક્ત (૧) અને (૨) ની ગેરહાજરીમાં જ, સમિતિ અથવા બોર્ડના હુકમ મુજબ કરવામાં આવેલ ઑસિફિકેશન ટેસ્ટ અથવા અન્ય કોઈ તાજેતરનું તબીબી ઉંમર ચકાસણી પરીક્ષાના આધારે નક્કી કરવાની રહેશે.

એ શરત છે કે,સમિતિ અથવા બોર્ડના હુકમ મુજબ ઉંમર નક્કી કરવાની પરીક્ષા તેવા હુકમથી પંદર દિવસની અંદર પૂર્ણ કરવાની રહેશે.

(૪) સમિતિ અથવા બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવેલ, વ્યકિતની તેઓ ધ્વારા નોંધવામાં આવેલ ઉંમરને, આ અધિનિયમના હેતુ માટે, તે વ્યકિતની ઉંમર તરીકે ગણવાની રહેશે.

આમ, ઉપરોક્ત જોગવાઈને જોતા પ્રથમ શાળાનું જન્મનું પ્રમાણપત્ર અથવા તો મેટ્રીક્યુલેશન તથા તેની સમકક્ષ સર્ટીફિકેટ જો ઉપલબ્ધ હોય તો તે ધ્યાને લેવાનું રહે છે અને સ્કુલનું જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રીક્યુલેશન સર્ટીફિકેટ કે તેની સમકક્ષ સર્ટીફિકેટ ઉપલબ્ધ ન હોય તો, કોર્પોરેશન કે મ્યુનિસિપલ ઓથોરીટી કે પંચાયત ધ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર હોય તો તે ધ્યાને લેવાનું રહે છે પરંતુ કલોઝ (iii) મુજબ કલોઝ (i) અને કલોઝ (ii) માં દર્શાવેલા દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો ઓસીફિકેશન ટેસ્ટ કે મેડીકલ તપાસથી ઉંમર નક્કી કરવાની રહે છે.

(૧૫.૬) આ બનાવની ફરિયાદ ભોગ બનનારના પિતાએ તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ લીમખેડા પોલીસ સ્ટેશનમાં આપેલી છે. જેમાં તેઓએ ભોગ બનનારની જન્મ તારીખ તા.૦૩/૦૩/૨૦૧૦ ની હોવાનું અને બનાવ સમયે તેણીની ઉંમર ૧૫ વર્ષ ૯ માસની હોવાનું લખાવેલું છે.

ફરિયાદીએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવ્યા મુજબ બનાવ વખતે ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષની હતી.

ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૪ તરીકે ભોગ બનનારની જુબાની લેવામાં આવી છે જેમાં તેણીએ જણાવેલું છે કે મારી જન્મ તારીખ તા.૦૧/૦૧/૨૦૦૯ ની છે. આમ, ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યા મુજબ ભોગ બનનારની જન્મ તારીખ તા.૦૩/૦૩/૨૦૧૦ ની છે. ભોગ બનનારે તેણીની જુબાનીમાં જણાવ્યા મુજબ તેણીની જન્મ તારીખ તા.૦૧/૦૧/ ૨૦૦૯ ની છે. ફરિયાદીના જણાવ્યા મુજબ ભોગ બનનારે ધોરણ–૬ સુધી અભ્યાસ કરેલો છે જ્યારે ભોગ બનનારના જણાવ્યા મુજબ તેણીએ ધોરણ– ૮ સુધી અભ્યાસ કરેલો છે.

આમ, ભોગ બનનાર કયા સુધી ભણેલા છે તે હકીકત તેમજ તેણીની જન્મ તારીખ સંબંધે ફરિયાદ તથા ભોગ બનનારની જુબાનીમાં ઉપર મુજબની જુદી–જુદી વિગતો મળી આવે છે.

(૧૫.૭) ભોગ બનનારની જન્મ તારીખ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૮ તરીકે તૃપ્તીબેન કનુભાઈ પ્રજાપતિને આંક–૫૦ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તે ગ્રામ પંચાયત ચીલાકોટામાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવે છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે હું તા.૧૨–૦૯–૨૦૨૪ થી ગ્રામ પંચાયત ચીલાકોટામાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવુ છું. અમારી કચેરીમાં જન્મ–મરણ રજીસ્ટર નિભાવવામાં આવે છે અને તેના આધારે જન્મ અને મરણના દાખલા પણ આપવામાં આવે છે. મને નિશાની ૦૪/૦૨ વાળો જન્મનો દાખલો બતાવવામાં આવે છે તે જોઇને કહુ છું કે જેમાં મારી સહી તથા હોદ્દાનો સીક્કો છે. આ પ્રમાણપત્ર જન્મ રજીસ્ટર ઉપરથી આપેલ છે. જે મુજબ ભોગબનનારની જન્મ તા.૧૨–૦૬– ૨૦૦૯ ની છે. જે રજુ દાખલ આંક–૫૧ આપવામાં આવે છે. હું આજરોજ મારી સાથે અમારી કચેરીનુ વર્ષ–૨૦૦૯ ની સાલનું અસલ જન્મ રજીસ્ટર મારી સાથે લાવેલ છુ જે મુજબ અનુક્રમ નં.૧૩૪ ઉપર ભોગબનનારની જન્મ તારીખની નોંધ કરવામાં આવેલી છે જે મુજબ ભોગબનનારની જન્મ તા.૧૨– ૦૬–૨૦૦૯ છે અને આ જન્મની નોંધણી તા.૧૮–૦૬–૨૦૦૯ ના રોજ કરવામાં આવેલી છે.

(૧૫.૮) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૯ તરીકે જયદિપસિંહ ગીરવરસિંહ પુવારને આંક–૫૩ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તે જુનાગામ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે હું આજરોજ મારી શાળાનું જનરલ રજીસ્ટર લાવેલ છું જેમાં ભોગ બનનારનો જન્મ અનુક્રમ નં.૧૦૮૭ થી નોંધાયેલો છે. તેમાં તેણીની જન્મ તારીખ તા.૦૩/૦૩/૨૦૧૦ ની લખાવેલી છે. ભોગ બનનારે અમારી શાળામાં તા.૨૩/૦૬/૨૦૧૫ ના રોજ દાખલ થયેલા છે તેણીએ અમારી શાળામાં ધોરણ–૫ સુધી અભ્યાસ કરેલો છે.

(૧૫.૯) ફરિયાદ પક્ષના ઉપરોક્ત બન્ને સાહેદોની જુબાનીઓ જોવામાં આવે તો ભોગ બનનારની સ્થાનીક પંચાયતમાં જન્મ તારીખની નોંધ થયેલ છે તે મુજબ તેણીની જન્મ તારીખ તા.૧૨/૦૬/૨૦૦૯ ની છે તેમજ ભોગ બનનારને શાળામાં અભ્યાસ માટે દાખલ કરવામાં આવેલા તેમાં તેણીની જન્મ તારીખ તા.૦૩/૦૩/૨૦૧૦ ની લખવામાં આવેલી છે. આમ, ભોગ બનનારની બન્ને કચેરીમાં જુદી–જુદી જન્મ તારીખ હોવાનું મળી આવે છે. આ સંબંધેનો કોઈ ખુલાસો ફરિયાદ પક્ષ તરફથી કરવામાં આવતો નથી. ફરિયાદ પક્ષ વિ.એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે આ બન્ને જન્મ તારીખને બનાવની તારીખની સાપેક્ષમાં જોવામાં આવે તો બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હોવાની હકીકત પુરવાર થાય છે.

(૧૫.૧૦) બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર તે જન્મ તારીખ માટે સચોટ પુરાવો નથી. તેઓએ તેમના સમર્થનમાં **2023(0) AIJEL-SC-72718 (માનકચંદ ઉર્ફે મણી વિરુદ્ધ સ્ટેટ ઓફ હરીયાણા)**નો નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો રજુ કરેલો છે જે વંચાણે લેવામાં આવે તો તે ચુકાદાના કેસની હકીકતો મુજબ શાળાના રજીસ્ટર મુજબ ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ કરતા ઓછી હતી. પરંતુ શાળામાં તેણીના માતા પિતાના કથન મુજબ તેઓ ધ્વારા જન્મ તારીખની નોંધ કરાવામાં આવેલી ના હતી પરંતુ અન્ય વ્યકિતએ નોંધાવેલી હતી તથા પ્રાથમિક શાળામાં ટ્રાન્સફર સર્ટીફિકેટના આધારે શાળામાં જન્મ

તારીખની નોંધ કરવામાં આવેલી હતી. શેના આધારે જન્મની નોંધ કરવામાં આવેલી તે પુરાવો રજુ થયેલ ના હતો. તેમજ અન્ય ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ઉપર આધાર રાખી ભોગ બનનારની જન્મ તારીખ માટે શાળાનું રજીસ્ટર રજુ થયેલ હતું તે ભોગ બનનારની ૧૬ વર્ષથી નીચેની વયના તારણ ઉપર આવવા માટે પુરતું ના હોવાનું માનેલું છે.

(૧૫.૧૧) બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ વધુમાં તેઓના સમર્થનમાં સમર્થનમાં **2023(0) AIJEL-SC-247277 (સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ લાલજી છગનજી ઠાકોર અને બીજાઓ)**નો નામદાર વડી અદાલતનો ચુકાદો રજુ કરેલો છે જેમાં નામદાર વડી અદાલતે એવું ઠરાવેલું છે કે, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ભારતીય પુરાવા ધારાની કલમ-૩૫ મુજબ પુરાવામાં ગ્રાહ્ય છે પરંતુ સમર્થનકારી પુરાવાની ગેરહાજરીમાં તે માત્ર ઉપર આધાર રાખી શકાય નહી. જે વ્યકિતએ જન્મ તારીખની નોંધ કરી હોય તેણે જન્મ તારીખ કેવી રીતે નોંધવામાં આવી હતી તે જાહેર કરવું જોઈએ. આમ, સમર્થનકારી પુરાવાની ગેરહાજરીમાં માત્ર શાળા છોડ્યાનું પ્રમાણપત્ર તે સચોટ પુરાવો ના હોવાનું માનેલું છે.

(૧૫.૧૨) ફરિયાદીએ તેઓની ફરિયાદમાં અને સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં ભોગ બનનારની જન્મ તારીખ શાળામાં કોણે લખાવેલી તેવી કોઈ હકીકત જણાવી નથી. ભોગ બનનારની શાળામાં જે જન્મ તારીખ છે તે સ્થાનીક પંચાયતમાં નોંધવામાં આવેલ જન્મ તારીખથી જુદી છે. તેમજ ભોગ બનનારના પિતાએ બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલો છે કે ભોગ બનનારને શાળામાં દાખલ કરવા માટે મારા કુટુંબી ભાઈ ગયેલા. આ કુટુંબી ભાઈ કોણ હતા તેવી કોઈ હકીકતો જણાવતા નથી તેમજ આ કુટુંબી ભાઈને ફરિયાદ પક્ષ તરફથી સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. આમ, ફરિયાદ પક્ષના કુટુંબી ભાઈએ શેના આધારે શાળામાં ભોગ બનનારની જન્મ તારીખની નોંધ કરાવેલી તે હકીકત પુરવાર થતી નથી.

(૧૫.૧૩) ફરિયાદ પક્ષના સાહેદ નં.૯ શાળાના આચાર્યશ્રીએ બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે ભોગ બનનારને અમારી શાળામાં દાખલ કરવામાં આવી ત્યારે તેની જન્મ તારીખની નોંધ શેના આધારે કરવામાં આવેલી તેવી કોઈ વિગતો જણાવેલી નથી. આ મુજબની હકીકતોને નામદાર ગુજરાત વડી અદાલતના ઉપરોક્ત ચુકાદાની સાપેક્ષમાં જોવામાં આવે તો સમર્થનકારી પુરાવાની ગેરહાજરીમાં માત્ર શાળા છોડ્યાના પ્રમાણપત્ર ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

ફરિયાદ પક્ષના સાહેદ નં.૮ તલાટી કમ મંત્રીશ્રીએ ભોગ બનનારના જન્મની નોંધ તેમના દફતરે થયેલ હોવાનું તેમજ તેમના રેકર્ડ મુજબ ભોગ બનનારની જન્મ તારીખ તા.૧૨/૦૬/૨૦૦૯ ની હોવાનું જણાવી તેઓએ જન્મના દાખલાની ખરી નકલ તેમજ જન્મ-મરણ રજીસ્ટરના જરુર પુરતા પાનાની નકલ રજુ કરેલ છે. આ સાહેદે બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે ભોગ બનનારના જન્મની નોંધ કેવી રીતે કરવામાં આવેલી તેની મને જાતમાહિતી નથી. વધુમાં આ સાહેદે તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે જન્મ-મરણ અધિનિયમ મુજબ બાળકનો જન્મ જે ગ્રામ પંચાયત વિસ્તારમાં થયેલ હોય તે ગ્રામ પંચાયત વિસ્તારમાં નોંધવાનો રહે છે.

ફરિયાદીએ બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલો છે કે ભોગ બનનારનો જન્મ લીમખેડા દવાખાનામાં થયેલો. ભોગ બનનારનો જન્મ થયો ત્યારે હું મજુરીકામ માટે ગયેલો હતો અને દિવાળી ઉપર હું ઘરે આવેલો. આમ, ભોગ બનનારનો જન્મ લીમખેડા દવાખાનામાં થયો હોવા છતા ચીલાકોટા ગ્રામ પંચાયતમાં નોંધ કેવી રીતે કરવામાં આવી તેનો ખુલાસો ફરિયાદ પક્ષ તરફથી કરવામાં આવતો નથી. ફરિયાદીએ ઉલટતપાસમાં વધુમાં સ્વીકાર કર્યા મુજબ ભોગ બનનારના જન્મની નોંધ મારા ગામના આગેવાનોએ કરાવેલી. આમ, ભોગ બનનારના જન્મની નોંધ કોણે કરાવેલી તે હકીકત ફરિયાદ પક્ષના પુરાવામાંથી મળી આવતી નથી. ભોગ બનનારના જન્મની નોંધ સ્થાનિક પંચાયતમાં કરાવેલી હોય તેવા વ્યક્તિને ફરિયાદ પક્ષ તરફથી સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. આંક-૫૨ નું જન્મ મરણ રજીસ્ટર વંચાણે લેવામાં આવે તો તેમાં

માહીતી આપનાર તરીકે ભોગ બનનારના પિતાનું નામ લખવામાં આવેલું છે પરંતુ ભોગ બનનારના પિતાએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવ્યા મુજબ ભોગ બનનારનો જન્મ થયો ત્યારે તેઓ કાઠીયાવાડ મજુરીકામે હતા અને પંચાયતમાં ભોગ બનનારના જન્મની નોંધ ગામના આગેવાનોએ કરાવેલી તે જોતા પણ ફરિયાદીએ ભોગ બનનારના જન્મની નોંધ સ્થાનીક પંચાયતમાં કરાવેલ હોવાની હકીકત માની શકાય તેમ નથી. આમ, સ્થાનીક પંચાયતમાં નોંધ કોના દ્વારા કરવામાં આવેલી તે હકીકત પ્રસ્થાપિત થતી નથી.

(૧૫.૧૪) બચાવ પક્ષ તરફથી તેઓના સમર્થનમાં **૨૦૨૩(૦) સુપ્રીમ(ગુજરાત) ૮૯૪ (દશરથભાઈ પ્રભુભાઈ ભાભોર વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ)**નો નામદાર ગુજરાત વડી અદાલતનો ચુકાદો રજુ કરેલો છે. આ ચુકાદાના પેરા-૨૩ માં નામદાર વડી અદાલતે એવું અવલોકન કરેલ છે કે,

> **23.** Considering the submissions canvassed by learned advocates appearing on both the sides and considering the decisions cited at the Bar, the questions raised in the present appeal are that whether the prosecution has proved the age of the victim girl or not and as per the provisions of Section 35 r/w. Section 74 of the Indian Evidence Act, whether the document at Exhibit 17 is proved in the eyes of law or not. The prosecution mainly relied upon the document at Exhibit 17 and some of the prosecution witnesses have tried to struck out the said document and have stated on oath before the Trial Court that as per the birth certificate, the date of the victim is 30.06.1999 and on the date of incident i.e. 11.08.2014, the victim was below the age of 18 years. Considering the provisions of Section 35 r/w. Section 74 of the Indian Evidence Act and the ratio laid down by the Hon'ble Apex Court in various decisions, it prima facie appears that the duty is cast upon the prosecution to prove the age of the victim. In the present case, the prosecution has not examined the person i.e. Narsinh Sursinh Bariya (brother-in-law of the complainant) who has registered the birth date in the office of the Village Panchayat and as per Section 35 r/w. Section 74 of the Indian Evidence Act, it is primary duty of the person to prove the age of the victim who adduced the evidence in the nature of the birth certificate and then it is duty of the person who has rebut this presumption. It is a well-established dictum of the Indian Evidence Act that misplacing the burden of proof vitiate the judgment. At the same time, the rule relating to the burden of proof is based upon certain practical considerations of

convenience and reasonableness and also of policy, but where there is a rebuttable presumption of law in favour of one party, the burden of rebutting it lies upon the later.

આમ, નોંધની સત્યતા આવી નોંધ જેના દ્વારા અને શેના ઉપર આધાર રાખીને આપવામાં આવી છે તે હકીકત પુરવાર ના થાય તો તે માની શકાય નહી.

(૧૫.૧૫) ફરિયાદીએ બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલો છે કે મારા લગ્ન ૨૭–૨૮ વર્ષ પહેલા થયેલા. એ વાત ખરી છે કે લગ્નના બે–ત્રણ વર્ષ બાદ ભોગ બનનારનો જન્મ થયેલો. ફરિયાદીની જુબાનીની આ હકીકતને માનવામાં આવે તો બનાવ સમયે ભોગ બનનાર પુખ્ત વયની હોવાનું મળી આવે છે.

(૧૫.૧૬) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૬ તરીકે ડૉ. સ્નેહલબેન વીરાભાઈ પટેલને આંક–૩૪ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવ્યું છે કે મારા અભિપ્રાય મુજબ ભોગ બનનારના ગૌણ પ્રજનન અંગો તથા મુખ્ય પ્રજનન અંગો પૂર્ણ વિકસીત હતા. તેમજ સાહેદ નં.૭ ડૉ. નિરાલીબેન ફતેસીંહ માલીવાડ કે જેઓ ગાયનેક્લોજીસ્ટ તરીકે ફરજ બજાવતા હતા તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવ્યા મુજબ તેઓને નિ.૪/૧૮ વાળુ બોન એઈજ એસ્ટીમેટ રીપોર્ટ બતાવવામાં આવે છે તેમાં ભોગ બનનારની ઉંમર ૧૭ થી ૧૯ વર્ષની દર્શાવવામાં આવેલી છે.

ભોગ બનનારના રજુ કરવામાં આવેલ જન્મના પ્રમાણપત્ર તેમજ શાળા છોડ્યાના પ્રમાણપત્ર ઉપર આધાર રાખી ભોગ બનનારની ઉંમર નક્કી કરી શકાય તેમ નથી. ભોગ બનનારની રેડીયોલોજી તપાસ કરનાર ડૉક્ટરના અભિપ્રાય મુજબ તેણીની ઉંમર ૧૭ થી ૧૯ વર્ષની હતી. તેણીના ગૌણ જાતિય અંગો તથા મુખ્ય જાતિય અંગો પૂર્ણ વિકસીત હતા. ભોગ બનનારના પિતાએ બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં જણાવ્યા મુજબ તેઓના લગ્ન ૨૭–૨૮ વર્ષ પહેલા થયેલા અને લગ્નના બે–ત્રણ વર્ષ બાદ ભોગ બનનારનો જન્મ થયેલો, તે જોતા બનાવ સમયે ભોગ બનનાર પુખ્તવયની હોવાનું મળી આવે છે. રજુ કરવામાં આવેલ જન્મના પ્રમાણપત્ર

ઉપર આધાર રાખી શકાય તેમ નથી. ફરિયાદ પક્ષ તરફથી ભોગ બનનારનો જન્મ જે દવાખાનામાં થયેલો તે દવાખાનાના ડૉક્ટરને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. તે સંજોગોમાં ફરિયાદ પક્ષ બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોવાનું ઠરાવી **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે.

## (૧૬) મુદ્દા નં.૨ ની ચર્ચા–

(૧૬.૧) ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા પહેલા આરોપી સામેના આક્ષેપીત ગુનામાં એટલે કે જાતિય હુમલો/બળાત્કારના કિસ્સામાં પુરાવાઓનું મુલ્યાંકન કેવી રીતે કરવું જોઈએ તે સંબંધેના નક્કી કરવામાં આવેલ નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતોને લક્ષમાં લેવાની જરુરીયાત છે.

> (૧) **૨૦૦૩(૫) એસ.સી.સી.–૭૬૬ (સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશ વિરુધ્ધ આશારામ)**ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલું છે કે, આવા પ્રકારના ગુનાઓમાં માત્ર ભોગ બનનારના પુરાવાના આધારે આરોપીને દોષીત ઠરાવી શકાય છે સિવાય કે અન્ય પુરાવાનું સમર્થન મેળવવા માટે વિશિષ્ય સંજોગો હોય. ભોગ બનનારનો પુરાવો તે ઈજા પામનાર સાહેદ કરતા પણ વિશેષ મહત્વનો અને આધારભૂત છે. ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય અને ભરોસાપાત્ર હોય તો તેઓની જુબાની ઉપર આધાર રાખી આરોપીને કસૂરવાર ઠરાવી શકાય છે.

(૧૬.૨) મુદ્દા નં.૧ ની ચર્ચા કર્યા મુજબની વિગતે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હોવાનું પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે જેથી પોક્સો એક્ટની કલમ–૨૯ તથા ૩૦ મુજબના વૈધાનિક અનુમાનો ફરિયાદ પક્ષની તરફેણમાં પ્રસ્થાપિત રહેતા નથી.

(૧૬.૩) ફરિયાદ પક્ષના સાહેદ નં.૪ તરીકે ભોગ બનનારની જુબાની આંક–૨૨ થી લેવામાં આવેલી છે જેમાં તેણીએ જણાવેલું છે કે આ બનાવ આ વર્ષની ધુળેટીના દિવસે બનેલો. બનાવના દિવસે હું અમારા ગામ ચીલાકોટામાં મેળો જોવા માટે ગયેલી. ત્યાંથી હું આરોપી પ્રકાશ સાથે ભાગી ગયેલી. પ્રકાશ મોટરસાયકલ લઈને આવેલો જેની ઉપર અમે ગયેલા. મોટરસાયકલ ઉપર બેસીને પ્રથમ અમો ભાલોડીયા ગામે ગયેલા ત્યાં અમે

પ્રકાશના સંબંધીના ઘરે રોકાયેલા. જ્યાં અમે એક દિવસ અને એક રાત રોકાયેલા. જ્યાં અમે એકબીજાની સમંતિથી શરીર સબંધ બાંધેલો. ત્યારબદ મોટરસાયકલ ઉપર બેસીને બેડીયા ગામે ગયેલા. ત્યાં અમે પ્રકાશના સંબંધીના ઘરે રોકાયેલા. જ્યાં અમે એક દિવસ અને એક રાત રોકાયેલા. જ્યાં અમે એકબીજાની સંમતિથી શરીર સંબંધ બાંધેલો. ત્યારબાદ મોટરસાયકલ ઉપર બેસીને ગોધરા ગામે ગયેલા. ત્યાં અમે પ્રકાશના મામાના ઘરે રોકાયેલા. જ્યાં અમે એક અઠવાડીયું રોકાયેલા. આ દરમ્યાન અમે એકબીજાની સંમતિથી શરીર સંબંધ બાંધેલો.

વધુમાં આ સાહેદે જણાવેલ છે કે ત્યારબાદ એક આઈસરમાં ટેમ્પામાં બેસીને ગોધરાથી કચ્છમાં ગયેલા. કચ્છમાં અમે એક ગામમાં ગયેલા. જે ગામનું નામ હાલ મને યાદ નથી. તે ગામમાં એક રુમ ભાડે રાખેલી જેમાં અમે રહેતા હાત. ત્યાં અમે પંદર દિવસ રોકાયેલા. આ દરમ્યાન અમે એકબીજાની સંમતિથી શરીર સંબંધ બાંધેલો. ત્યારબાદ કચ્છથી અમે બસમાં બેસી અમદાવાદ ગયેલા અને અમદાવાદ ખાતે એક રુમ ભાડે રાખીને દસ થી પંદર દિવસ રોકાયેલા. આ દરમ્યાન અમે એકબીજાની સંમતિથી શરીર સંબંધ બાંધેલો. ત્યારબાદ બસમાં બેસી અમદાવાદ થી ગોધરા આવેલા. જ્યાં આરોપી પ્રકાશના મામાના ઘરે પાંચ થી છ દિવસ રોકાયેલા. આ દરમ્યાન અમે એકબીજાની સંમતિથી શરીર સંબંધ બાંધેલો. ત્યારબાદ ગોધરાથી મોટરસાયકલ ઉપર બેસી આરોપી પ્રકાશના ગામ કડાછલા ગામે આવેલા. ત્યાં પ્રકાશના ઘરે એક અઠવાડીયું રોકાયેલા. આ દરમ્યાન અમે એકબીજાની સમંતિથી શરીર સંબંધ બાંધેલો.

આમ, ભોગ બનનાર આરોપી નં.૧ ની સાથે સંમતિથી ચાલી ગયેલ હોવાનું અને બન્નેએ સંમતિથી જુદી–જુદી જગ્યાએ શરીર સંબંધ બાંધેલાની હકીકત જણાવી છે.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં પણ ભોગ બનનારે તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે મારે અને આરોપી પ્રકાશ વચ્ચે પ્રેમ સંબંધ હતો. એ વાત ખરી છે કે આ બનાવ અગાઉ હોળી ઉપર મજુરીકામેથી મારા ઘરે આવી ત્યારે મારી સગાઈની વાતચીત ચાલતી હતી. એ વાત ખરી છે કે મારા પિતા જે જગ્યાએ મારી સગાઈની વાત કરતા હતા તે મને પસંદ ન હતું

તેથી મે પ્રકાશને ફોન કરીને બોલાવેલો.

આમ, ભોગ બનનારની જુબાનીની આ હકીકત જોવામાં આવે તો તેણીએ સંમતિથી ફોન કરીને આરોપીને બોલાવેલ છે. તેણીની સગાઈની વાત જે જગ્યાએ ચાલતી હતી તે તેને પસંદ ના હોય તેની સંમતિથી આરોપી સાથે ચાલી ગયેલ હોવાનું અને સંમતિથી શરીસ સંબંધ બાંધેલ હોવાનું મળી આવે છે.

(૧૬.૪) ભોગ બનનારને શારીરીક તપાસ માટે પ્રથમ સી.એચ.સી. લીમખેડા ખાતે લઈ જવામાં આવેલા. તેઓની મેડીકલ તપાસ કરનાર ડૉ. સ્નેહલબેન વીરાભાઈ પટેલને સાહેદ નં.૬ તરીકે આંક–૩૪ થી તપાસવામાં આવેલ છે. જેઓએ ભોગ બનનારની શારીરીક તપાસ કરેલી છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેણીને બનાવ અંગે પુછતા જણાવેલ છે કે, "હું આરોપીને આશરે માર્ચ–૨૦૨૩ના સમયે હોળી પછીથી ઓળખુ છું. અંદાજે નવરાત્રીના સમયે હું મારા મામા સાથે કામ કરવા માટે કડછલા ગામે ગઈ ત્યારે પહેલીવાર મળી હતી. ત્યારબાદ અઢી મહીના સુધી અમે બન્ને ફોનથી સંપર્કમા હતા. પ્રકાશે ફોન આપેલો હતો. ત્યારબાદ હોળી પછી ફરીથી કડાછલા ગામે કામે ગયેલા. ત્યા એક મહીનો રોકાયેલા અને ત્યા મળેલ હતા. ત્યારબાદ મહુઠા ગામે કામ કરવા ગયેલા. ત્યાં અઢી મહીનો જેટલુ રોકાયેલા. ત્યારબાદ સમલાચા ગામે ગયેલા. ત્યાં દસ પંદર દિવસ રોકાયેલા. ત્યારબાદ અમરાપુરા ગામે ગયેલા અને ત્યાં એક મહીનો રોકાયેલા. ત્યારબાદ ફરીથી કડછલા ગામે આવતા રહેલા અને ત્યા પંદર–વીસ દિવસ રોકાયેલા. ત્યારબાદ શેરપુરા ગામમાં એક અઠવાડીયું જેવો સમય રોકાયેલા. ત્યારબાદ અમરાપુરા ગામે એક મહીનો રોકાયેલા અને તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ રાતના બાર વાગ્યે કડછલા ગામે આવેલા અને તા.૧૨/૦૩/૨૦૨૫ ના રોજ ચીલાકોટા ટ્રેકટરમાં આવવા નીકળેલા. ત્યારબાદ તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ સાંજે ચાર વાગ્યે પ્રકાશ સાથે બાઈક પર ભાગી ગયેલ અને ચીલાકોટા થી બોરીયાના મુવાડા પ્રકાશભાઈના મિત્રને ત્યાં કલાક રોકાયેલા. ત્યારબાદ ભાલોડીયા ગામે પ્રકાશના સગાને ત્યાં રોકાયેલા અને ૧૪ માર્ચ સાંજે ચાર વાગ્યે બાઈક ઉપર પ્રકાશના મામા બગીડોળ ગામે ગયેલા. ત્યાં પંદર–વીસ દિવસ રોકાયેલા. ત્યારબાદ પ્રકાશના સગાની

આઈસર ગાડીમાં કચ્છના કોડાણા ગામમાં ગયેલા. ત્યાં વીસ દિવસ ભાડેથી રૂમ રાખીને રહેલા. ત્યારબાદ અમદાવાદ બસમાં આવેલા. ત્યાં ઓઢવમા રૂમ રાખીને મહીનો રોકાયેલા. ત્યારબાદ ૨૨ મે ના રોજ કડાછલા ગામે પરત ગયેલા. ત્યાંથી ૨૮ મે બપોરે ૩ વાગ્યે ધરપકડ કરેલી. આ તમામ જગ્યાએ પ્રકાશે મારી મરજીથી શારીરીક સબંધ બાંધેલ."

તેમજ ભોગ બનનારની ગાયનેક તપાસ કરનાર ડૉ. નિરાલી ફતેસીંહ માલીવાડને સાહેદ નં.૭ તરીકે આંક-૪૦ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે પણ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેણીને હિસ્ટ્રી બાબતે પુછતા જણાવેલ કે "હું આરોપી પ્રકાશને છેલ્લા ૩ વર્ષથી આરોપીના ગામમા કામ બાબતે જવાનુ થયેલુ ત્યારથી ઓળખુ છુ અને મોબાઈલ નંબરની આપ-લે કરેલી. ત્યારબાદ એક વર્ષ સુધી ફોન ઉપર વાતો કરેલી. ત્યારબાદ સંપર્ક તુટી ગયેલ અને ૨૦૨૪ ની નવરાત્રી દરમ્યાન મારો સંપર્ક આરોપી સાથે મારી માસીની દિકરીએ કરાવેલો. ત્યારબાદ હું આરોપી સાથે મારા પિતાના ફોનથી વાતો કરતી હતી. ત્યારબાદ આરોપીએ મને મોબાઈલ ફોન લઈ આપેલો. ધુળેટીના દિવસે સાંજે ચાર વાગ્યે ચીલાકોટાથી આરોપી મને મારી મરજીથી ભગાડી લઈ ગયેલ ત્યાંથી બોરીયાના મુવાડા ગામે ગયેલા. ત્યાંથી ભાલોડીયા ગામે ગયેલા ત્યાથી બગીડોળ ગામે ગયેલા. ત્યાથી કચ્છ-ભુજ ગયેલા. ત્યાં અમે દસ થી પંદર દિવસ રોકાયેલ હતા. ત્યારબાદ અમે કચ્છ ભુજથી અમદાવાદ આવેલા. અમદાવાદ ખાતે વીસ દિવસ રોકાયેલા. ત્યારબાદ અમદાવાદથી કડછલા પાછા આવેલા અને ત્યાં રોકાયેલા. ત્યારબાદ પોલીસે અમો બન્નેની ધરપકડ કરેલી.'' આ દરમ્યાન મારી મરજીથી આરોપી સાથે અવારનવાર સંમતીથી શારીરીક સબંધ બાંધેલો. તે વખતે ગર્ભ નિરોધક સાધનનો ઉપયોગ કરેલો નહી."

(૧૬.૫) ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબ લીમખેડાના જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. રુબરુ નિવેદન લેવડાવવા આવેલ છે. જે આ કામમાં આંક-૨૩ થી રજુ કરવામાં આવેલ છે. ભોગ બનનારે વિ.જ્યુડી. મેજીસ્ટ્રેટ ફ.ક. રુબરુ એવી હકીકત લખાવેલી છે કે, "હું પ્રકાશભાઈ ગોવિંદભાઈ પરમારને ત્રણ વર્ષથી ઓળખતી હતી. ત્યારબાદ અમારે બન્ને વચ્ચે બ્રેકઅપ થઈ ગયેલું. એક વર્ષ પહેલાની વાત છે તે સમયે મારા મામા

દિતાભાઈ આમલીયાર વજેલાવ ગામે રહેતા હતા. ત્યારે હું કડાછલા ગામે રહેતી હતી અને મજુરીકામ કરતી હતી. મારી સાથે મારા મામા પણ રહેતા હતા. તે સમયે મારા માસીની દિકરી સુનીતાએ અમને બન્ને પાછા મળાવી દીધેલ અને સેટીંગ કરાવેલ. આ પ્રકાશભાઈ નજીકમાં આવેલ કડાછલા ગામનો હતો અને આટાફેરા મારવા આવતો હતો અને મારી સાથે ફોન પર વાતચીત કરતો હતો. પહેલા મારા પપ્પાના ફોન ઉપર ફોન કરતો હતો અને પછી પ્રકાશએ મને સાદો ફોન લઈ આપેલો અને વાતચીત ચાલતી હતી. આ ગામમાં અમે બે મહીના જેવું રહેલા અને આ પ્રકાશ મને કડાછલા ગામની પંચાયતની પાછળ મળવા બોલાવતો અને અમે મળતા અને આ પ્રકાશભાઈએ મારી સાથે પંચાયતની પાછળ શારીરીક સંબંધ બાંધતા હતા અને ત્યારબાદ જ્યારે પણ મળતા ત્યારે શારીરીક સંબંધ બાંધતા હતા.

આ જગ્યાથી કામ કરવા માટે બઉથા ગામે ગયેલા. ત્યારબાદ હોળીના તહેવાર હું ઘરે આવેલી અને હું મારા ઘરે હતી ત્યારે આ પ્રકાશ મને બાઈક લઈને લેવા માટે આવેલ અને મને લઈને બોરીયાના મુવાડા ગામે લઈ ગયેલ અને ત્યારબાદ ભાલોડીયા ગામે લઈ ગયેલ અને ત્યારબાદ બગીડોર ગામે લઈ ગયેલ અને ત્યાં ૧૦-૧૫ દિવસ ખેતરમાં રોકાયેલા અને તે દરમ્યાન પણ આ પ્રકાશ રોજ મારી સાથે શારીરીક સંબંધ બાંધતો હતો. ત્યારબાદ મને લઈને કચ્છ ગયેલા અને ત્યાં ૨૦ દિવસ રુમ રાખીને રહેલા અને ત્યાં પણ મારી સાથે શારીરીક સંબંધ બાંધતો હતો. ત્યારબાદ મને લઈને અમદાવાદ ગયેલા અન ત્યાં ભાડે મકાન ૧૦-૧૫ દિવસ રહેલા અને ત્યાં પણ મારી સાથે શારીરીક સંબંધ બાંધતો હતો. ત્યારબાદ અમદાવાદથી પ્રકાશના ગામ કડાછલા આવેલા અને ત્યાં અઠવાડીયું રહેલા તે દરમ્યાન પોલીસ કડાછલા ગામે પ્રકાશના ઘરે આવી ગયેલ અને અમને બન્નેને લઈને લીમખેડા આવેલ."

(૧૬.૬) મુદ્દા નં.૧ ની ચર્ચા કર્યા મુજબની વિગતે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હોવાની હકીકત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. ભોગ બનનારે આ અદાલત સમક્ષ આપેલ સોગંદ ઉપરની જુબાનીમાં, બન્ને મેડીકલ ઓફિસરશ્રીઓ રુબરુ આપેલ હિસ્ટ્રીમાં તેમજ વિ.જ્યુડી. મેજીસ્ટ્રેટ ફ.ક. રુબરુ આપેલ નિવેદનમાં સ્પષ્ટપણે જણાવેલ છે

કે તેણીને આરોપી સાથે પ્રેમ સંબંધ હતો. તેણીના પિતા તેની સગાઈ જે જગ્યાએ કરવા માંગતા હતા તે તેણીને પસંદ ના હોવાથી આરોપીને ફોન કરીને બોલાવેલ છે અને આરોપી સાથે સંમતિથી ચાલી ગયેલ છે અને બન્નેએ સંમતિથી શરીર સંબંધ બાંધેલાનું મળી આવે છે. આમ, સમગ્ર બનાવ સંમતિથી બનેલો છે તે સંજોગોમાં આક્ષેપીત ગુના માટે આરોપીને કસૂરવાર ઠરાવી શકાય તેમ નથી.

આ કામના આરોપી નં.૨ સામે ભોગ બનનારનું અપહરણ કરવામાં મદદગારી કર્યાનો આક્ષેપ છે. ફરિયાદ પક્ષના રજુ કરવામાં આવેલ પુરાવાઓની ચર્ચા કર્યા મુજબ આરોપી નં.૧ નાએ ભોગ બનનારનું અપહરણ કરી તેણીની સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં તેણીની સાથે દુષ્કૃત્ય કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તે સંજોગોમાં આરોપી નં.૨ નાએ ભોગ બનનારનું અપહરણ કરવામાં મદદગારી કરેલ હોવાનું માની શકાય તેમ નથી. તેટલું જ માત્ર નહી ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપી નં.૨ નાએ આક્ષેપીત ગુનામાં શું ભૂમિકા ભજવેલી તેવી હકીકત કોઈપણ સાહેદની જુબાનીમાંથી મળી આવતી નથી તે સંજોગોમાં આરોપી નં.૨ ની સામે પણ આક્ષેપીત ગુનો પુરવાર થતો ના હોય જે સંજોગોમાં આરોપીઓને આક્ષેપીત ગુના માટે કસુરવાર ઠરાવી શકાય તેમ ના હોય **મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે.

**(૧૭) મુદ્દા નં.૩ ની ચર્ચા –**

ઉપરોક્ત મુદ્દા નં.૧, ૨ માં વિગતે ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– આખરી હુકમ –**

- આ કામના આરોપીઓ નં.(૧) પ્રકાશભાઈ ગોવિંદભાઈ પરમાર, રહે.કડાછલા, જુનુ ફળીયું, તા.ડેસર, જી.વડોદરા (૨) યુવરાજભાઈ અશ્વિનભાઈ પરમાર, રહે.કડાછલા, નવીનગરી ફળીયું, તા.ડેસર, જી.વડોદરાનાઓને ભારતીય

નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮(૧) અન્વયે તેઓની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧), ૬૪(૨)(એમ) તથા પોક્સો એકટ–૪, ૬, ૧૭ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોટરસાયકલ અંગે અગાઉ કરેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે જ્યારે બાકીના નોન વેલ્યુબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ નિયમોઅનુસાર કાર્યવાહી કરી નાશ કરવો.

- આ કામના આરોપીઓના જામીન તથા જાતમુચરકા રદ કરવા.

- પ્રત્યેક આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧(એ) મુજબના અપીલ સમય સુધીના રૂ.૧૫૦૦૦/– ના જામીન આપવા.

- ભોગ બનનારની ઓળખ છતી થતી હોય એવા દસ્તાવેજોને રજીસ્ટ્રારશ્રીએ સીલબંધ કવરમાં મુકી રેકર્ડ સાથે રાખવા તથા તેના સ્થાને સુધારેલી નકલ મુકવી.

હુકમ આજ તા.૨૭ મી માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭/૦૪/૨૦૨૬
સ્થળ – લીમખેડા

**(હરેશકુમાર હિંમતલાલ ઠક્કર)**
એડિશ્નલ સેશન્સ & સ્પે.(પોક્સો)જજ,દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૫૩૩

આર.બી.સોલંકી